# ડીસાના લોઘાવાસના રહીશો પાલિકાના પાપે ગંદકીથી પરેશાન

સમગ્ર ભારતમાં સ્વચ્છ ભારત અભિયાન માટે કેન્દ્ર સરકાર લાખો રૂપિયાની ગાન્ટ ફાળવે છે. દરેક શહેર અને ગામ સ્વચ્છ રહે તે માટે આ યોજના અમલમાં મુકાઈ




છે પરંતુ સતાધિશોની બેદરકારી અને લાપરવાહીના લીધે લોકોને પરેશાન થવું પડે છે. ડીસા શહેરના લોઘવાસ વિસ્તારની છેલ્લા કેટલાક સમયથી નગરપાલિકાના સતાધિશો દ્વારા સતત અવગણના કરાઈ રહી છે. સમગ્ર ડીસા શહેરમાં નવા રોડ રસ્તા બની ગયા અને એક વર્ષમાં તુટી પણ છે પરંતુ લોકોની હાલાકી ઓછી થતી નથી.

ડીસાના લોઘવાસમાં પણ નગરપાલિકા દ્વારા નવો રોડ બનાવાતો નથી. માત્ર આશ્વાસન આપી નેતાઓ ચૂંટણીમાં વોટ લઈ જાય છે પરંતુ ચૂંટણી બાદ ચૂટાયેલા સદસ્યો લોઘવાસ વિસ્તારમાં ફરકતા પણ નથી. આ વિસ્તારમાં રોડના અભાવે લોકોને ચાલવામાં ભારે મુશ્કેલી પડી રહી છે અને વાહનચાલકોને પણ અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.અત્યારે ચોમાસામાં તુટેલા રોડના લીધે લોકો કાદવ કીચડમાં ચાલવા મજબૂર બની રહ્યા છે.ખાસ કરીને શાળામાં અભ્યાસ કરતાં બાળકોને સ્કુલડ્રેસ પહેરીને પણ કાદવ કીચડમાં ચાલવું પડે છે અને વિદ્યાથીઓના કપડાં કીચડના છાટાથી બગડી જાય છે જયારે સરકાર સ્વછ ભારત ની વાતો કરે છે ને અહીંયા પ્રભાત ફેરી કરતા બાળકો ને મોઠે રૂમાલ રાખીને નીકળુ પડે છે.આનાથી વધારે ગુલામી શું હોઈ શકે આ વિસ્તારમના લોકો દ્વારા એવા રોષ સાથે જણાવી રહ્યા છે જયારે આ વિસ્તારના લોકો દ્વારા વારંવાર નગરપાલિકાના પ્રમુખ ચીફ ઓફીસર સહીત સદસ્યો ને લેખિતમાં તથા મૌખિક માં રજુઆત કરી છે છતાં નગરપાલિકા દ્વારા જાણીજોઈને આ કોઈ રાજકીય નેતાઓ ઈશારે આ વિસ્તાર ની બાદબાકી કરવામાં આવી રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લા કલેકટર શ્રી દ્વારા તાત્કાલિક ડીસાના લોઘાવાસ માં નવો રોડ બનાવાની નગરપાલિકા ને આદેશ કરે તેવી લોકોની લોકમાગ ઉઠવા પામી છે.

# પાલનપુર-આબુ હાઈવે પર વરસાદી પાણી ભરાયા

## આબુ હાઇવે પાણી ભરાતા હાઇવે એક માર્ગીય કરાતા વાહનચાલકો અટવાયા

પાલનપુર શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩ ઈંચ વરસાદ થયો છે. ત્યારે શહેરના આબુ હાઈવે પર વરસાદી પાણી ભરાતા હાઈવેને એક માર્ગીય કરવાની




ફરજ પડી હતી. પાલનપુર શહેરમાં ૩ ઈંચ વરસાદ થતા શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. તો શહેરના આબુરોડ હાઈવે પર પણ ઢીંચણ સમા વરસાદી પાણી ભરાયા છે. હાઈવે પર વરસાદી પાણી ભરાતા એક માર્ગ બંધ કરાયો હતો. જેને પગલે રાજસ્થાનથી ગુજરાત આવતા વાહનોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. આબુ હાઈવે એકમાર્ગીય કરાતા વાહનચાલકો અટવાયા હતા. ટ્રાફિક જામ પણ જોવા મળ્યા હતા. જોકે, નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા હાઈવે પરનું પાણી ઉલેચવાની કામગીરી હાથ ધરાઈ હતી.

# બેંક ઓફ ઈન્ડિયા ખેડૂતો, મહિલાઓ અને યુવાનોની જરૂરિયાતોને પ્રાધાન્ય આપશે

## બેંક ઓફ ઈન્ડિયાની ગાંધીનગર ઝોનના યજમાન પદે યોજાયેલી બે દિવસીય સમીક્ષા બેઠકનું સમાપન : બેંકના રાષ્ટ્રીય કક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા. ૧૮

'આગામી સમયમાં બેંક ઓફ ઈન્ડિયા સિનિયર સિટીઝન્સ, ખેડૂતો, નાના ઉદ્યોગકારો, ઉદ્યોગ સાહસિકો, યુવાનો, વિદ્યાર્થીઓ અને મહિલાઓને વધુ સરળ ધિરાણ આપવા અંગે સક્રીય બનશે અને તેમની જરૂરિયાતોને અનુરૂપ પ્રતિભાવ આપવા પ્રયાસ કરશે' આ પ્રકારની જાહેરાત આજે ગાંધીનગરમાં હોટલ બ્લૂ મૂન ખાતે બેંક ઓફ ઈન્ડિયાના યોજાયેલા બે દિવસીય ઝોનલ કક્ષાની રિવ્યુ પરફોર્મન્સ બેઠકના અંતે પત્રકારો સાથે વાત કરતા બેંકના મુખ્ય જનરલ મેનેજર એસ.કે. બેનર્જીએ કરી હતી. આ પ્રસંગે ડેપ્યુટી જનરલ મેનેજર ગીરીશકુમાર અને ગાંધીનગર ઝોનલ મેનેજર એસ.કે. બહેરા પણ ઉપસ્થિત રહ્યાં હતા.

એસ.કે. બનર્જીએ બેંકમાં સાયબર સિક્યુરિટી બાબતે સઘન પગલાંથી માંડીને ગ્રામીણ વિસ્તારોમાં બેંકની પહોંચ પ્રત્યેક વ્યક્તિ સુધી થઈ શકે તે માટેના પ્રયાસો અને આગામી સમયમાં બેંકના વિકાસ




માટેનો રોડમેપ સુધીની બાબતે વાત કરી હતી. આ સાથે તેમણે બેંક ઓફ ઈન્ડિયાની અન્ય કોઈ પણ બેંક સાથેના મર્જર કે બેંક દ્વારા અન્ય બેંકના ટેક ઓવર જેવી બાબતોને માત્ર અફવા ગણાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે બેંક ઓફ ઈન્ડિયાની રાષ્ટ્રીય કક્ષાની બે દિવસીય બેઠક ગાંધીનગર ઝોનલના યજમાન પદે ગીફટસીટી રોડ પરની હોટલ બ્લૂ મૂન ખાતે તા. ૧૭ અને ૧૮ ઓગષ્ટ દરમ્યાન યોજવામાં આવી હતી જેમાં બેંકની લગભગ તમામ શાખાઓના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. આ બેઠકનો હેતુ બેંક અધિકારીઓના વિચારો અને કામગીરીની સમીક્ષા સાથે રાષ્ટ્રીય અગ્રતાને પ્રાધાન્ય આપી સમીક્ષા માટે નિયુક્ત તળિયાની સલાહકાર પ્રક્રિયાનો પ્રારંભિક તબક્કો હાથ ધરવાનો હતો. આ બેઠકમાં ડેટા આધારિત વિશ્લેષણ સાથે બેંકની આઈટી વ્યવસ્થાને સઘન બનાવી બેંકની આર્થિક સમૃદ્ધિ માટે ક્રેડિટ સપોર્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉદ્યોગ, ફાર્મ સેક્ટર, બ્લુ ઈકોનોમી, જલ શક્તિ, એમએસએમઈ સેક્ટર, મુદ્રાલોન, શિક્ષણ લોન, એક્સપોર્ટ ક્રેડિટ, ગ્રીન ઈકોનોમી જેવા ક્ષેત્રોમાં વિવિધ રાષ્ટ્રીય પ્રાથમિકતાઓમાં બેંકના યોગદાનની સમીક્ષા કરવામાં આવી હતી.

# પાલનપુરમાં ભૂગર્ભ ગટર પર રોડ બનાવી દેવાતા આંબાવાડી વિસ્તાર બેટમાં ફેરવાયો

## વરસાદી પાણીના નિકાલ માટે કરોડોના ખર્ચે બનાવેલ ભૂગર્ભ ગટર રોડ નીચે દટાઈ ગઈ!

પાલનપુરમાં ભારે વરસાદ પડતાં અનેક નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા જેને લઈ નગર પાલિકા ના પ્રિ



મોન્સૂન પ્લાન ની પોલ ખુલ્લી પડી જવા પામી હતી શહેરમાં ગણેશપુરા ના આંબાવાડી વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે કરોડો રૂપિયાના ખર્ચે નાખવામાં આવેલી ભૂગર્ભ ગટર પર નગર પાલિકા દ્વારા રોડ બનાવી દેવામાં આવતા વરસાદી પાણી નો નિકાલ ના થતા પાણીના ભરાવાની સમસ્યા સર્જાય છે જેમાં રાત્રી દરમ્યાન ભારે વરસાદ પડતાં ઘૂંટણ સમાં પાણીના ભરાવા ને લઈ રહીશો મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યા હતા.

પાલનપુરના ગણેશપુરા આંબાવાડી વિસ્તાર ગુરુવારની રાત્રે ભારે વરસાદ પડવાના કારણે બેટ માં ફેરવાઈ ગયો હતો અહી વરસાદી પાણીના કુદરતી વહેણ પર પાલીકા તંત્રની મિલીભગત થી કોન્ટ્રાકટર દ્વારા પાકું બાંધકામ કરી દેવાયુ છે.

બીજી બાજુ વરસાદી પાણીના નિકાલ માટે કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલ ભૂગર્ભ ગટર પર પણ પાલીકા દ્વારા લાખો રૂપિયા ખર્ચે પાકો રોડ ભરી દેવામાં આવતા કરોડોની ભૂગર્ભ ગટર રોડ નીચે દટાઈ જવા પામી છે અને વરસાદી પાણીના નિકાલ ની બીજી કોઈજ વ્યવસ્થા ના હોઈ અહીં સામાન્ય વરસાદમાં જ પાણીના ભરવાની જટીલ સમસ્યા સર્જાય છે જોકે ગુરુવારના પાંચ ઈંચ જેટલો વરસાદ ખાબકતા આ વિસ્તારમાં ઘૂંટણ સમુ પાણી ભરાઈ જતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા જેને લઈ પાલીકા દ્વારા આંબાવાડી વિસ્તારમાં વરસાદી પાણીના ભરાવા ની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠવા પામી છે



શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના મુખપત્ર 'કરણી સેના આમુખ'નુ વિમોચન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં કરણી સેનાના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# દાંડીથી સાબરમતી આશ્રમ સુધી "સેવ ધ અર્થ" મોટરસાયકલ રેલીનુ આયોજન

ગાંધીનગર, તા. ૧૮

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી પર ગુજરાત ડાયરેક્ટોરેટ એનસીસીનાં નેજાં હેઠળ ૨૦ ઓગસ્ટથી ૨૬ ઓગસ્ટ, ૨૦૧૯ સુધી બરોડા ગ્રૂપ દ્વારા "સેવ ધ અર્થ" મોટરસાયકલ રેલીનું આયોજન થયું છે, જે અખિલ ભારતીય કાર્યક્રમ "મેગા પોલ્યુશન અવેરનેસ પખવાડા"સાથે સંલગ્ન છે.

રેલીને દાંડી સ્થિત 'નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરિયલ'થી એનસીસી બરોડા ગ્રૂપનાં કમાન્ડર બ્રિગેડિયર ચરણદીપસિંહ, સેના મેડલ અને ગિરીશ પંડ્યા, આઈપીએસ, સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ, નવસારીએ સંયુક્તપણે લીલી ઝંડી આપી હતી. આ રેલીમાં ઉમાકાંત શર્મા, સીઓનાં નેતૃત્વમાં ૬ ગુજરાત એનસીસી બટાલિયન, સુરતનાં ૧૬ કેડેટ (૮ છોકરા અને ૮ છોકરીઓ) સામેલ છે, તેઓ ૬ દિવસમાં નર્મદા, વડોદરા, ભાવનગર, દિવ, પોરબંદર, દ્વારકા, જામનગર, રાજકોટમાં અંદાજે ૧૫૦૦ કિલેમીટરનું અંતર કાપી લેશે તથા અમદાવાદનાં સાબરમતી આશ્રમ ખાતે આ રેલી સંપન્ન થશે. રેલીને ગુજરાતનાં એનસીસીનાં એડિશન ડાયરેક્ટર જનરલ મેજર જનરલ રૉય જોસેફ લીલી ઝંડી આપશે.

રેલી દરમિયાન રાઈડર્સ જળ સંચય, વૃક્ષારોપણ, પ્રદૂષણ વિરોધી અને પર્યાવરણને લાભદાયક બાબતો પર જાગૃતિ લાવશે, જે માટે પ્રસિદ્ધ પ્રવાસન સ્થળો દાંડી, સ્ટેચ્યુ ઑફ યુનિટી, દિવ, સોમનાથ મંદિર, દ્વારકા મંદિર, ગાંધીજીનાં જન્મસ્થાન પોરબંદર અને સાબરમતી આશ્રમ પર લેક્ચર્સ અને નુક્કડ નાટકો યોજાશે.

# ભાણમેરના યુવકની ધનસોર ગામના ત્રણ શખ્શોએ હત્યા કરતા ચકચાર

ભિલોડા, તા. ૧૮

ભાઈ-બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધન ના દિવસે અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભાણમેર ગામના ૨૮ વર્ષીય પરણિત યુવકની સામાન્ય ઝગડાની અદાવતમાં ધનસોર ગામના ત્રણ શખ્શોએ તીક્ષ્ણ હથિયાર વડે ઘા કરી હત્યા કરી નાસી છૂટતા ભારે ચકચાર મચી હતી રક્ષાબંધનના દિવસે પોતાના ભાઈની હત્યા થતા બે બહેનો પર આભ તૂટી પડયું હતું રક્ષાબંધનનો તહેવાર આનંદ અને ઉલ્લાસના બદલે માતમ માં ફેરવાયો હતો ત્રણ ઝનૂની શખ્શોને લીધે ૩ વર્ષીય બાળકે પિતાની છત્રછાયા ગુમાવવાનો વારો આવ્યો હતો યુવકની હત્યાના પગલે સમગ્ર પંથકમાં ભારે ગમગીની છવાઈ હતી ભિલોડા પોલીસે મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. બુધવારે સાંજના સુમારે, ભાણમેર ગામના વિપુલભાઈ કાવજીભાઈ પરમાર (ઉં.૨૮) ને અગમ્ય કારણોસર ધનસોર ગામના અમરત નરસી પારઘી,રાજેશ કાંતિભાઈ ખરાડી અને મંગલેશ નરસી પારઘી નામના શખ્શો સાથે ઝગડો તકરાર થતા વિપુલના મોટા ભાઈ સંજયભાઈ દોડી આવ્યા હતા અને વિપુલ અને ઝગડો કરનાર



ત્રણે શખ્સોને છુટા પાડી ઘરે મોકલી આપ્યા હતા. વિપુલ નામનો યુવક તેની સાસરીમાં ગયો હતો ત્યારે ઝગડો કરનાર ત્રણે શખ્શો યુવકની સાસરીમાં પહોંચી વિપુલના સસરા મગનભાઈને તેમના જમાઈને સમજાવી દેજો નહીતો જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહ્યા હતા વિપુલ તેના સસરાના ઘરેથી ભાણમેર પરત આવવા નીકળ્યા પછી ઘરે ન પહોંચતા પરિવારજનોએ શોધખોળ હાથધરતાં ગુરુવારે સવારે ધનસોર ગામ નજીક નદીના પુલ પાસેથી તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી વિપુલનો મૃતદેહ હત્યા કરેલી હાલત માં મળી આવતા મૃતકના ભાઈ અને તેના પરિવારજનો અને સગા-સંબંધીઓના ટોળેટોળા ઉમટ્યા હતા યુવકની હત્યાની ઘટનાની જાણ ભિલોડા પોલીસને કરતા ભિલોડા પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકની લાશને પીએમ માટે દવાખાને ખસેડી હતી.



## મુક્તેશ્વર ડેમમાં માત્ર ૭.૭૦% જ પાણી...

બનાસકાંઠા જિલ્લામાં સતત બીજા વર્ષે અપૂરતો વરસાદ થયો છે મેઘરાજાને કાકલૂદી બાદ બે દિવસ ઝરમરીયા વરસાદના કારણે ચોમાસુ પાકો બચી ગયા છે પણ હજુ માંગ્યો મેં વરસ્યો નથી તેમાં પણ પછાત ગણાતા વડગામ તાલુકા ઉપર તો મેઘરાજાનો કોપ યથાવત રહ્યો છે જેના કારણે આ વર્ષે પણ ઓછો વરસાદ થયો છે.તેથી ચોમાસુ ઉતરવાના આરે હોવા છતાં મુક્તેશ્વર ડેમમાં ચોમાસુ સિઝનનું માત્ર નવું ૨૬ સે.મી. એટલે કે ન બરાબરનું નવું પાણી આવ્યું છે. જેના કારણે ડેમ તળિયા ઝાટક જ રહી જવા પામ્યો છે હાલમાં ડેમની સપાટી ૧૯૧.૮૨ મીટર એટલે કે માત્ર ૭.૭૦ ટકા પાણી છે. તેથી ભૂગર્ભ જળ ચિંતાજનક હદે ઘટી જતાં પંથકનો એકમાત્ર ખેતી અને પશુપાલન વ્યવસાય ઓક્સિજન ઉપર છે. મેઘરાજાના પ્રકોપે પંથકની પ્રજાને હચમચાવી દીધી છે ત્યારે પંથકની જીવાદોરી સમાન કરમાવાદ તળાવમાં નર્મદાના નીર ઠલવાય તે સમયનો તકાજો છે તાલુકાના હિતેચ્છુઓ પણ પક્ષાપક્ષી છોડી આ મુદ્દે એક થાય તેમ પ્રજા વિનવે છે.



## ખેડબ્રહ્મા તાલુકાના બે ગામોમાં મકાનની દિવાલ ધરાશાયી

ખેડબ્રહ્મા તાલુકામાં ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદને કારણે થયેલી અસરો ધીમેધીમે સામે આવી રહી છે. જેમાં ખેડબ્રહ્મા તાલુકાના બે ગામોમાં કાચા મકાનની દિવાલો ધરાશાયી થઈ ગઈ હતી. સદનસીબે જાનહાનિ ટળી હોવાથી લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. આવાસ યોજનાનો લાભ જરૂરીયાત મંદો પૈકી બાકી પરિવારોને નહિ મળતા કાચા મકાનના પરિવારો હાલાકીનો સામનો કરી રહ્યા છે. ખેડબ્રહ્મા તાલુકાનાં શીલવાડ અને ભુતીયા ગામે કાચાં મકાનની દિવાલ ભારે વરસાદથી ધરાશાયી થઈ છે. બે દિવસથી પડેલા મુશળધાર વરસાદનાં લીધે બે પરિવારોને નુકસાન થયુ હોવાનું સામે આવ્યુ છે. શીલવાડ ગામના તરાલ દશરથભાઈ અને ભુતીયા ગામનાં ખરાડી પ્રકાશભાઈનાં મકાનની દિવાલ ધરાશાયી થઈ પરંતુ સદનસીબે જાનહાની નથી. જેથી બંને પરિવારોમાં રાહતનો શ્વાસ લીધો હતો.

### ગણતરીમાં ગાંધીનગર... ● છેલ્લા પાનાનું ચાલુ

સાધન છે. એમાંય ઈન્ટરનેટની સુવિધા સરળતાથી અને પાછી કિફાયત દરે ઉપલબ્ધ થતા કમ્પ્યુટર કે લેપટોપ એ હવે જીવનનો એક હિસ્સો બની ગયા છે. ડગલેને પગલે એનો ઉપયોગ જરૂરી થઇ ગયો છે. એવી જ રીતે સ્કૂટર કે કારની બાબતમાં પણ એવું જ છે. ટુ વ્હીલર કે ફોર વ્હીલર એ આજે સ્ટેટસ સિમ્બોલ નહીં રહેતા કુટુંબની એક જરૂરિયાતનું સાધન બન્યું છે. આવા સંજોગોમાં ગાંધીનગર જિલ્લા અને ગાંધીનગર શહેરની સંયુક્ત માહિતી જોતા માત્ર ૯ ટકા પરિવારો પાસે જ ટેલિવિઝન, કમ્પ્યુટર/ લેપટોપ, ટેલીફોન/ મોબાઈલ ફોન અને કાર/સ્કૂટર જેવી ભૌતિક સંપત્તિ હોય એ ઘણી બધી બાબતો તરફ દિશા નિર્દેશ કરે છે. જ્યારે આપણે સેન્સસ-૨૦૧૧ ના ગ્રામીણ ગાંધીનગર અને શહેરી ગાંધીનગર ના આંકડા ઉપર નજર માંડીએ તો ગ્રામીણ ગાંધીનગરમાં માત્ર ૩૦૨૭ અને ગાંધીનગર શહેરમાં ૨૨,૭૨૨ પરિવારો જ એવા છે કે જેમની પાસે ટેલિવિઝન, કમ્પ્યુટર/ લેપટોપ, ટેલીફોન/ મોબાઈલ ફોન અને કાર/સ્કૂટર છે. ગ્રામીણ ગાંધીનગર અને શહેરી ગાંધીનગરના સંદર્ભમાં આ આંકડાકીય માહિતીને જોઈએ તો અનુક્રમે એની ટકાવારી ૧.૮૮% અને ૧૮% જ છે. માત્ર ગાંધીનગર ગ્રામ્ય અને ગાંધીનગર શહેરના આ આંકડાઓ વચ્ચેનો તફાવત પણ શહેર અને ગ્રામ્ય વસ્તીના ભૌતિક સાધનોના ઉપયોગ બાબતે પણ ઘણું કહી જાય છે.

### કુપોષણ મુક્તિ.... ● છેલ્લા પાનાનું ચાલુ

ટકા, પુંધરામાં ૩.૩ ટકા, બિલોદરામાં ૧.૬ ટકા, વેડામાં ૪.૮ ટકા કામગીરી જ આ ગાળામાં થઈ છે. મળતી વિગતો પ્રમાણે ૦ થી ૫ વર્ષના બાળકો પૈકી ૯.૫ ટકા પ્રમાણે અતિ કુપોષિત બાળકોની સંખ્યા મુજબ બાળકો દાખલ કરવા પાત્ર થાય. માણસા તાલુકામાં આવા બાળકોની સંખ્યા ૧૪૩૮ છે. આ પૈકી ૪૮૧ બાળકો દાખલ કરવા પાત્ર થાય પરંતુ માત્ર ૫૭ બાળકોને જ દાખલ કરવામાં આવેલ છે. ૪૨૪ બાળકો દાખલ થયા વિનાના જણાયા છે. જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાન અંગે જિલ્લા કલેક્ટર એક તરફ બાળકોને અધિકારીઓ દત્તક લે તેવી યોજના તૈયાર કરી રોડમેપ બનાવવામાં વ્યસ્ત છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી દરેક જાહેર સમારંભોમાં કુપોષણ મુક્તિ અભિયાનમાં લોકોને સક્રિય થઈ સહયોગ આપવાની વાત કરે છે પણ તંત્રનું ઉદાસીન વલણ સૌને ચોંકાવી જાય તેવુ બહાર આવ્યુ છે. જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાન અંગે ખાસ ઝુંબેશની તાતી જરૂરિયાત છે. આ મુદ્દાને લઈ વિધાનસભામાં પણ વારંવાર પ્રશ્નો ઉપસ્થિત થતા રહ્યા છે અને સરકાર બધુ બરાબર ચાલે છે તેવી વાતો કરતી હોય છે પણ વાસ્તવિકતા કંઈક જુદી જ હોય છે.

### ગાબડાં પુરવા.... ● છેલ્લા પાનાનું ચાલુ

લાઈનની કામગીરી અત્યાર સુધી માત્ર સાત જ સેકટરોમાં થઈ છે. અલબત્ત હાલની સ્થિતિએ નગરના મુખ્યમાર્ગો સહીત શહેરના સાત સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઇન છે. પરંતુ અન્ય સેકટરોમાં પણ વરસાદી પાણીના નિકાલની લાઇન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવ્યુ છે. પરંતુ વરસાદી પાણીના નિકાલની લાઇનની કામગીરી જ વરસાદી દિવસોમાં જોખમરૂપ પુરવાર થઈ છે. ગત દિવસોમાં વરસાદમાં માટી પોલાણ થવાના લીધે સેકટરોમાં રાહદારીઓએ અકસ્માતનો ભોગ બનવુ પડયુ હોય તેવા પણ કિસ્સા છે ત્યારે હજુ પણ આ મામલે જોખમી સ્થિતિને ધ્યાને લઈ ત્વરિત માટી પુરાણને અનુલક્ષી કોઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી. વરસાદી દિવસોમાં આ પ્રકારની સ્થિતિ ન સર્જાય તે માટે તંત્ર દ્વારા આગોતરુ આયોજન પણ કરવામાં આવ્યુ ન હતુ જેના લીધે સ્થાનિક રહીશોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

### દહેગામ તાલુકા પંચાયત... ● ત્રીજા પાનાનું ચાલુ

જિલ્લા પંચાયત દ્વારા આ અંગે વિધિસરની દરખાસ્ત સરકારની મંજૂરી માટે મોકલવામાં આવી હતી અને સરકારે તેનો સ્વીકાર કરી નવીન મકાનના બાંધકામ અંગેની વહીવટીય મંજૂરી આપી દીધી છે.

૧૪મી ઓગષ્ટના રોજ આ વહીવટીય મંજૂરી આપવામાં આવી છે. નવા મકાનના કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો તેમજ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સુચનાઓનો ચુસ્તતાથી અમલ કરવાનો રહેશે તેવી કડક તાકીદ કરાઈ છે. દહેગામ તાલુકા પંચાયતનુ મકાન જુનુ અને જર્જરિત હતુ. આ મકાનનું બાંધકામ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનુ રહેશે. જુના મકાનને ડીસમેન્ટલ કરવાની કામગીરી પણ સરકારના નિયમોને આધીન રહી કરવાની રહેશે તેવી પણ શરત રાખવામાં આવી છે. ગ્રાઉન્ડ લેવલીંગ અને ગાર્ડનીંગ કરવા આ બે કોન્વોનન્ટ માટે રૂ. ૧૫ લાખ સુધી મનરેગા હેઠળ કામ કરાવી શકાશે તેવી જોગવાઈ પણ રાખવામાં આવી છે. નવા ફર્નિચર અને જુના ફર્નિચરનું રેકર્ડ બનાવવાનું રહેશે જેવી સરતો પણ લાગુ કરવામાં આવી છે.

### ભારે તબાહી ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તર કાશીમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પણ અટવાયેલા હોવાથી તંત્રની ચિંતા વધી ગઈ છે.

વહેલીતકે સુરક્ષિત લોકોને કાઢવાના પ્રયાસો થઈ રહ્યા છે. ઉત્તરકાશી જિલ્લામાં અને શહેરમાં ભારે વરસાદ થયો છે. ટોન્સ નદીમાં વિકરાળ ચિત્ર જોવા મળી રહ્યું છે. પાણીના પ્રવાહમાં મોટી સંખ્યામાં મકાનો તણાતા લોકો પણ પાણીમાં તણાયા હોવાના અહેવાલ મળ્યા છે.

### કોઈ જ નથી ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાદગીપૂર્ણ જીવન આકર્ષિત કરે છે. ભુટાન અને ભારતના લોકો માત્ર ભુગોળની દ્રષ્ટિએ નહીં બલ્કે ઈતિહાસ, સાંસ્કૃતિક પરંપરાની દ્રષ્ટિએ પણ એકબીજા સાથે જોડાયેલા છે. રાજકુમાર સિદ્ધાર્થ ગૌત્તમ બુદ્ધ આજ જમીન ઉપર થયા હતા જ્યાંથી બૌદ્ધ ધર્મનો સંદેશ સમગ્ર વિશ્વમાં ફેલાયો હતો. આધ્યાત્મિક ગુરુઓએ ભુટાનને આગળ વધારવામાં ભૂમિકા ભજવી છે. ભારત અને ભુટાનના એક બીજા સાથે ખુબ નજીકના સંબંધો રહેલા છે.

### સમય ગાળે છે ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પહેલા બંને નેતાઓને હરિનિવાસમાં રાખવામાં આવ્યા હતા પરંતુ થોડાક દિવસ પહેલા જ બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મહેબુબાને ચશ્મેશાહીમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. સુત્રોના કહેવા મુજબ ઓમર અબ્દુલ્લાને કસ્ટડીના ગાળા દરમિયન હોલીવુડ ફિલ્મોની ડીવીડી આપવામાં આવી છે જ્યારે પૂર્વ મુખ્યમંત્રીને હરિનિવાસની અંદર મોર્નિંગ વોકની મંજુરી પણ આપવામાં આવી છે.

### હુમલાની દહેશત ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ગુજરાતને જોડતી અરવલ્લી જિલ્લાની રતનપુર ચેકપોસ્ટ પર ૩૦ જેટલાં હથિયારધારી એસઆરપી જવાનોની ટુકડી બોર્ડર પર ખડકી દેવામાં આવી છે. તેમજ પોલીસ જવાનોને બુલેટપ્રૂફ જેકેટ સુરક્ષા માટે પુરા પાડવામાં આવ્યા છે. રાજસ્થાનમાં પ્રવેશતા અને ગુજરાતમાંથી રાજસ્થાન જતા તમામ વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

### અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

શાહના માસ્ટરસ્ટ્રોક અને હવેના કેન્દ્ર શાસિત પ્રદેશની વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો જ હાથ ઉપર રહેવાની પૂર્વધારણાને ઊંધી પાડવામાં કૉંગ્રેસને સફળતા મળે તો સત્તાવિહોણી ધારાસભાનો સંકેત જોરદાર રહી શકે. જોકે એ માટે કૉંગ્રેસે કુંભકર્ણની નીંદર અને આપસી ખટરાગમાંથી બહાર આવવું પડે. ભાજપ જ ધાડ પડી જાય એવું નહીં, એના ઘરમાં પણ ધાડ પડી શકે એની તૈયારી કરવાની જરૂર ખરી.ભાજપમાં પણ અસંતોષ ભભૂકે છે, ભલે પ્રગટપણે એ વર્તાતો ના હોય.

વિપક્ષી મોરચાની બાંધણી : સોનિયા ગાંધીના વિદેશી ગોત્રને મુદ્દે ક્યારેક અલગ થઈને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ સ્થાપનારા શરદ પવાર તો ક્યારનાય શ્રીમતી ગાંધીની કૉંગ્રેસ સાથે જ કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં સત્તાનો ભોગવટો કે સત્તાનો વનવાસ ભોગવી રહ્યા છે. એમની સાથે બહુચર્ચિત પત્ર લખનારા પૂર્ણો સંગમા હવે રહ્યા નથી અને તેમનો પરિવાર અત્યારે ભાજપના મોરચામાં સત્તારૂઢ હોવા છતાં બહુ રાજી નથી. બિહારના તારિક અનવર પણ સોનિયા ગાંધીનો વિદેશી મૂળનો મુદ્દો ઉઠાવનાર એ ત્રિપુટીમાં હતા. હવે એ કૉંગ્રેસમાં છે. કૉંગ્રેસ તો અમિબા છે. એમાંથી છૂટા પડેલા અને સામે પાટલે બેઠેલા ફરી પાછા પોતાની માતૃસંસ્થામાં ઘરવાપસી કરી શકે એવો માહોલ પણ રચવો પડે. સાથે જ સમવિચારી પક્ષોને માનભેર સાચવીને, વાણિયાભાઈની મૂછ નીચી એ ન્યાયે, મજબૂત વિપક્ષી મોરચો રચવાની અનિવાર્યતા જણાય છે. તમામ રાજકીય પક્ષોને વર્તમાન સમયમાં ભૂંસાઈ જવાનો ડર છે. આવા સંજોગોમાં એકપક્ષી શાસન આવે નહીં કે બંધારણનાં મૂળભૂત મૂલ્યો જળવાઈ રહે તે માટે કૉંગ્રેસે બાંધછોડ કરીને પણ વિપક્ષોને એક કરવા એ રાષ્ટ્રહિતમાં ગણાશે. તક ચૂકી ગયા પછી ફરીને એને પાછી મેળવવામાં ઘણું મોડું થશે.એટલે જ કૉંગ્રેસે રાષ્ટ્રધર્મ નિભાવવા માટે સજ્જ થવાની ઘડી આવી પુગી છે. સત્તામાં અવાય કે ના અવાય, મજબૂત વિપક્ષ અથવા વિપક્ષી મોરચો હોવો એ લોકશાહી માટે અનિવાર્ય છે.

- haridesai@gmail.com